## સંક્ષિપ્ત સમાચાર

### ધી કડોદ હાઇસ્કૂલનું S.S.C બોર્ડનું ઝળહળતું પરિણામ



સુરત: ધી કડોદ હાઇસ્કૂલ, કડોદનું ધો-૧૦નું પરિણામ ૬૫.૮૫% જાહેર થયું હતું. જેમાં પાંચ વિદ્યાર્થીએ A1 અને અગિયાર વિદ્યાર્થીએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમે રાજપૂત નીલ સુનીલભાઈ ૯૫ ટકા સાથે ગ્રેડ A1, બીજા ક્રમે પ્રજાપતિ ખનક કમલેશભાઈ ૯૪.૫૦ સાથે ગ્રેડ A1, ત્રીજા ક્રમે રાણા ધ્રુવ હરેશભાઈ ૯૩.૫૦ ટકા સાથેગ્રેડ-A1 તથા ધનગર આકાશી રસિકભાઈએ બેઝિક મેથ્સમાં 100, ગ્રેડ-A1, પટેલ નિષ્ઠા મુકેશભાઈએ બેઝિક મેથ્સમાં 100, ગ્રેડ- A1 તેમજ ચૌધરી અંતરા પ્રવીણભાઈ બેઝિક મેથ્સ-100 ગુણ પ્રાપ્ત કર્યા છે. આ વિદ્યાર્થીઓને ધી કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ કેતનભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધી, મંત્રી પ્રતાપસિંહ દેસાઈ, સહમંત્રી હિતેશભાઈ દેસાઈ, ખજાનચી પીનાકીનભાઈ શાહ અને શાળાના આચાર્ય સુનીલભાઈ રાજપૂતે શુભેચ્છા પાઠવી હતી.

### SSC બોર્ડમાં 92.66 ટકા મેળવી પૃથ્વીરાજસિંહ અટોદરીયાએ સંસ્કારદીપ વિદ્યાલયનું ગૌરવ વધાર્યું



ભરૂચ: અંકલેશ્વર GIDC સ્થિત સંસ્કારદીપ વિદ્યાલયના વિદ્યાર્થી પૃથ્વીરાજસિંહ વિરેન્દ્રસિંહ અટોદરિયાએ ધો.10ની પરીક્ષામાં 92.66 ટકા ગુણ હાંસલ કરી 97.63 પર્સન્ટાઈલ રેન્ક અને A-1 ગ્રેડ મેળવ્યો છે. તેમની આ સિદ્ધિએ વિદ્યાલય અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. પૃથ્વીરાજસિંહ દિવસ દરમિયાન માત્ર ત્રણ કલાક વાંચન અને એક કલાક હોમવર્ક માટે ફાળવતો હતો. ખાસ વાત એ છે કે, પરીક્ષા દરમિયાન પણ તે IPL ટુર્નામેન્ટ અને ભારત સામેની કોઈપણ દેશની મેચો અચૂક જોતો હતો. પૃથ્વીરાજસિંહે જણાવ્યું હતું કે, રમતગમત બાદ મળતા સમયમાં વાંચનથી યાદશક્તિ વધુ ખૂબ જ સારી હતી. જેના કારણે મર્યાદિત અભ્યાસ છતાં ઉત્તમ પરિણામ મળ્યું છે. વિદ્યાલયના ટ્રસ્ટીગણ સહિત આચાર્ય અને શિક્ષકોએ પૃથ્વીરાજસિંહની સિદ્ધિની વધાવી હતી.

### ભરૂચની નારાયણ વિદ્યાલયની કાવ્યાએ 90% અંધત્વ વચ્ચે 95.67 ટકા મેળવ્યા



ભરૂચ: ગુજરાત બોર્ડના ધોરણ 10ના પરિણામમાં ભરૂચની નારાયણ વિદ્યાલયની બે દિવ્યાંગ વિદ્યાર્થિનીઓએ ઝળહળતી સફળતા મેળવી પ્રેરણા પૂરી પાડી છે. 90% અંધત્વ ધરાવતી કાવ્યા ફરસરામે 95.67% મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાંભળીને અભ્યાસ કરી કલેક્ટર બનવાનું સપનું સેવતી કાવ્યાએ સાબિત કર્યું કે દ્રઢ નિશ્ચય આગળ શારીરિક મર્યાદા વામણી છે. બીજી તરફ આર્થિક સંકડામણ અને દિવ્યાંગતા વચ્ચે ગ્રીષ્મા માછીએ 90.66% સાથે A1 ગ્રેડ મેળવ્યો છે.

### પલસાણામાં ઓનલાઈન છેતરપિંડી

પલસાણા: ચલથાણમાં રહેતા ટ્રાન્સપોર્ટ સંચાલક સંતોષકુમાર પાંડે સાથે રૂ.૧૯.૦૭ લાખની ઓનલાઈન ક્રિપ્ટો ઇન્વેસ્ટમેન્ટ છેતરપિંડી થઈ છે. ગત ૧ માર્ચે ફેસબુક મેસેન્જર પર અંકિતા અગ્રવાલ નામની મહિલાએ સંપર્ક કરી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ગઠિયાઓએ 'Glassnode' કંપનીના એડવાઇઝર તરીકે ઓળખ આપી તેમને USDT (ક્રિપ્ટો)માં રોકાણની લાલચ આપી હતી. શરૂઆતમાં ૧૫,૦૦૦ સામે ૮,૦૦૦નો નફો આપી વિશ્વાસ જિત્યા બાદ 'Globix Vaults' નામની નકલી એપ પર ખોટો પ્રોફિટ બતાવી કુલ ૧૯,૦૭,૪૦૦ પડાવી લીધા હતા. એપમાં ૧.૪૮ કરોડનો નફો દેખાતાં જ્યારે તેમણે રકમ ઉપાડવા માંગણી કરી, ત્યારે વધુ ૨૧ લાખનું કમિશન માંગવામાં આવ્યું હતું. છેતરપિંડીનો અહેસાસ થતાં સંતોષકુમારે સાયબર હેલ્પલાઇન બાદ કડોદરા GIDC પોલીસ મથકે અંકિતા અગ્રવાલ અને બલબીર સિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### માંડવીની ભાવદર્શન વિદ્યાલયનું SSC બોર્ડનું 94.28% પરિણામ



માંડવી: માંડવી-કીમ રોડ પર આવેલા રાજપૂત બોરી ખાતે ભાવદર્શન વિદ્યાલયનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું ધોરણ-૧૦ (SSC) બોર્ડનું પરિણામ ૯૪.૨૮ ટકા આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ પાંચ ક્રમાંકોમાં સ્થાન મેળવ્યું છે, જેમાં શ્વેતલકુમારી ધનસુખભાઈ ચૌધરી (વાંકલ) અને આસ્થા જગદીશભાઈ પારખીયા (અરેઠ) એ ૯૯.૯૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે ૯૭.૧૭ ટકા મેળવતા પ્રથમ ક્રમ મેળવ્યો હતો.જ્યારે દ્વિતીય ક્રમ ત્વીષાકુમારી બિપીનભાઈ ચૌધરી (ગાંગપુર) એ ૯૯.૮૧ પર્સન્ટાઈલ સાથે ૯૬.૬૭ ટકા, અને તૃતીય ક્રમે યશસ્વી જેરામભાઈ નકુમ (ટુકેદ) એ ૯૯.૭૭ પર્સન્ટાઈલ સાથે ૯૬.૫૦ ટકા, ચતુર્થ ક્રમે વૈશ્વીકુમારી રસિકભાઈ ચૌધરી (લાડકુવા) અને વેદાંશી જશવંતસિંહ જાદવ (બૌધાન) એ ૯૯.૬૨ પર્સન્ટાઈલ સાથે ૯૬.૦૦ ટકા મેળવ્યા હતા. જ્યારે પાંચમા ક્રમે મૈત્રી કિરણકુમાર ચૌધરી (માંડવી) એ ૯૯.૫૬ પર્સન્ટાઈલ સાથે ૯૫.૮૩ ટકા મેળવ્યા છે. શાળાના આચાર્ય સતિષભાઇ પટેલ અને ટ્રસ્ટી પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને વાલીઓને અભિનંદન પાઠવાયાં હતાં.

### ભાટિયાની મોસમ હાઈસ્કૂલનું ધો.12માં 100%, ધો.10માં 97.56% પરિણામ

પલસાણા: ભાટિયા વિભાગ કેળવણી મંડળ સંચાલિત મોસમ હાઈસ્કૂલે ધો.12 (HSC)નું પરિણામ સો ટકા રહેતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ધોરણ-12માં શાળાના કુલ 29 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા અને તમામ 29 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ પરીક્ષામાં આકુજી સાહિલ અબ્દુલ રહીમે 575/700 (82.14%), ચૌહાણ યશપાલસિંહ ગુલાબસિંહે 565/700 (80.71%) અને સુરતી ઈશિકાકુમારી રમણભાઈએ 543/700 (77.57%) ગુણ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. ધોરણ-10માં પણ શાળાનું પરિણામ 97.56% જેટલું ઊંચું રહ્યું છે. અહીં કુલ 41 વિદ્યાર્થીમાંથી 40 વિદ્યાર્થી સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. જેમાં રાઠોડ પાર્થ મંગાભાઈએ 542/600 (90.33%), લાડ આયુષી સુનીલભાઈએ 521/600 (86.83%) અને રાઠોડ આયુષી ઉક્કડે 495/600 (82.50%) ગુણ પ્રાપ્ત કર્યા છે. આ ભવ્ય સફળતા બદલ ભાટિયા વિભાગ કેળવણી મંડળના પ્રમુખ મોહનભાઈ પટેલ, મંત્રી દીપકભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળ તેમજ શાળાના આચાર્ય અને શિક્ષકગણ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# નર્મદામાં SSCમાં 41 શાળાનું 100% રિઝલ્ટ, A1 ગ્રેડમાં 149

**90.85 ટકા** પરિણામ સાથે નર્મદા જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યો

રાજપીપળા: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-2026માં લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર ધોરણ-10ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યનું કુલ પરિણામ 83.86 ટકાની સામે નર્મદા જિલ્લાનું કુલ પરિણામ 90.85 ટકા નોંધાયું છે. જિલ્લામાં નોંધાયેલા કુલ 7029 વિદ્યાર્થીમાંથી 6883 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 6253 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે, જ્યારે 630 વિદ્યાર્થી અનુત્તીર્ણ રહ્યા છે. જિલ્લામાં ગ્રેડ આધારિત પરિણામ મુજબ A1 ગ્રેડમાં 149, A2 માં 670, B1માં 1295, B2માં 1794, C1માં 1495, C2માં 796, Dમાં 54, E1 માં 330 અને NIમાં 300 વિદ્યાર્થી નોંધાયા છે. જિલ્લામાં 41 શાળાનું પરિણામ 100 ટકા આવ્યું છે. જ્યારે 30 ટકાથી ઓછું પરિણામ ધરાવતી એકપણ શાળા નોંધાઈ નથી. આમ સમગ્રતયા નર્મદા જિલ્લાનું પરિણામ ખૂબ સારું રહ્યું છે. કેન્દ્રવાર પરિણામ જોવામાં આવે તો રાજપીપળા કેન્દ્રમાં કુલ 1239 વિદ્યાર્થી નોંધાયેલા હતા, જેમાંથી 1209 વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા હતા. તેમાં 1105 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે અને 104 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 91.40 ટકા નોંધાયું છે.

ડેડિયાપાડા કેન્દ્રમાં 877 વિદ્યાર્થી નોંધાયેલા હતા, જેમાંથી 867 વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં 718 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 82.81 ટકા નોંધાયું છે. તિલકવાડા કેન્દ્રમાં 381 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 87.59 ટકા નોંધાયું છે. સાગબારા કેન્દ્રમાં 574 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 92.58 ટકા નોંધાયું છે. કેવડિયા કોલોની કેન્દ્રમાં 104 વિદ્યાર્થી ઉત્તીર્ણ થવા સાથે કેન્દ્રનું પરિણામ 95.41 ટકા નોંધાયું છે. નિવાલ્દા કેન્દ્રમાં 159 વિદ્યાર્થી ઉત્તીર્ણ થતાં પરિણામ 92.44 ટકા નોંધાયું છે. સેલંબા કેન્દ્રમાં 510 વિદ્યાર્થી પાસ થવા સાથે કેન્દ્રનું પરિણામ 91.07 ટકા નોંધાયું છે. પ્રતાપનગર કેન્દ્રમાં 267 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 96.04 ટકા નોંધાયું છે. માંગરોલ કેન્દ્રમાં 395 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 94.00 ટકા નોંધાયું છે. ગરૂડેશ્વર કેન્દ્રમાં 509 વિદ્યાર્થી પાસ થતાં પરિણામ 89.77 ટકા નોંધાયું છે. જૂના મોજદા કેન્દ્રમાં 195 વિદ્યાર્થી પાસ થતાં પરિણામ 95.59 ટકા નોંધાયું છે. ઉમરવા કેન્દ્રમાં 253 વિદ્યાર્થી ઉત્તીર્ણ થતાં કેન્દ્રનું પરિણામ 95.83 ટકા નોંધાયું છે. ઉતાવળી કેન્દ્રમાં 213 વિદ્યાર્થી પાસ થવા સાથે કેન્દ્રનું પરિણામ 93.42 ટકા નોંધાયું છે. વાડવા કેન્દ્રમાં 273 વિદ્યાર્થી પાસ થવા સાથે કેન્દ્રનું પરિણામ 93.17 ટકા નોંધાયું છે. બોરિયા કેન્દ્રમાં 381 વિદ્યાર્થી પાસ થવા સાથે કેન્દ્રનું પરિણામ 86.59 ટકા નોંધાયું છે.

## ભરૂચનું ધો.10નું 84.15%, 65 શાળાનું 100% પરિણામ

**525** વિદ્યાર્થીએ A1 અને 1,883 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો



ભરૂચ: ધો.10ની પરીક્ષામાં ભરૂચ જિલ્લાએ 84.15 ટકા પરિણામ મેળવ્યું હતું. જે ગત વર્ષ 83.58%ની સરખામણીએ આ વધારો નોંધપાત્ર છે.

જિલ્લામાં 15,928 વિદ્યાર્થી સફળ થયા છે. સૌથી ઉલ્લેખનીય બાબત એ છે કે, 65 શાળાએ 100 ટકા પરિણામ મેળવ્યું છે.

જિલ્લાના 32 પરીક્ષા કેન્દ્રમાં જંબુસરના નાહીયેર કેન્દ્રએ 97.88 ટકા સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. ત્યારબાદ જાગેશ્વર (95.48%), કરમાડ (94.27%), નબીપુર (93.20%), અંકલેશ્વર GIDC (92.96%) અને દયાદરા (92.74%)નો ક્રમ રહ્યો છે. જિલ્લા મથક ભરૂચનાં કેન્દ્રોનું પરિણામ 70%થી 87%ની વચ્ચે નોંધાયું છે. સૌથી નીચું પ્રમાણ આમોદ કેન્દ્રનું 60.94% રહ્યું હતું.

ગ્રેડવાઇઝ આંકડા પણ પ્રોત્સાહક છે. કુલ 525 વિદ્યાર્થીએ A1, 1,883એ A2, 299એ B1, અને 3,734 વિદ્યાર્થીએ B2 ગ્રેડ મેળવ્યો છે. ભરૂચ જિલ્લાનું પરિણામ વર્ષ 2024માં 81.12% હતું, જે 2025માં વધીને 83.58% થયું હતું, અને આ વર્ષે 84.15% સાથે સતત પ્રગતિ દર્શાવી છે. પરિણામ જાહેર થતાં સફળ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ છે.

### અંકલેશ્વરમાં ધો.10નું 84.05 ટકા પરિણામ

**ગત** વર્ષની સરખામણીએ 2.37 ટકા વધારો થયો

અંકલેશ્વર: ધો.10 બોર્ડ પરીક્ષાનું પરિણામ બુધવારે જાહેર કરાયું હતું, જેમાં અંકલેશ્વર કેન્દ્રના ૪ વિભાગોનું સરેરાશ પરિણામ 84.05 ટકા જાહેર થયું હતું. જે ગત વર્ષના 2.37 ટકા વધ્યું હતું. અંકલેશ્વર તાલુકાના ચાર વિભાગોમાં ધો.૧૦ની બોર્ડ પરીક્ષામાં કુલ 4044 વિદ્યાર્થી નોંધાયા હતા, જેમાંથી કુલ 3996 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જે પૈકી કુલ 3396 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થયા હતા. જ્યારે 600 પરીક્ષાર્થી નાપાસ થયા હતા. આમ ટકાવારીની દૃષ્ટિએ અંકલેશ્વર શહેર તાલુકા તેમજ જીઆઈડીસીનાં કેન્દ્રોનું કુલ પરિણામ 84.05 ટકા રહ્યું હતું. પરિણામની વિગતવાર જોઈએ તો અંકલેશ્વર શહેરી વિસ્તારમાં કુલ 886 પરીક્ષાર્થી પૈકી 740 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થતાં 83.52 ટકા પરિણામ જાહેર થયું છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં 92.96 ટકા પરિણામ જાહેર થયુ હતુ. અંકલેશ્વર તાલુકા વિસ્તારમાં કુલ 1704 પરીક્ષાર્થી પૈકી 1349 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થતાં સરેરાશ 79.86 ટકા પરિણામ જાહેર થયું હતું.

### કીમમાં શ્રી વશિષ્ઠ ઈન્ટરનેશનલ સ્કૂલનું ધો.10માં 100% પરિણામ

કીમ: કીમ સ્થિત શ્રી વશિષ્ઠ ઈન્ટરનેશનલ સ્કૂલ (CBSE) એ ધોરણ-10ના પરિણામમાં 100 ટકા સફળતા મેળવી ગૌરવ પ્રાપ્ત કર્યું છે. શાળાના સંચાલક તેજેન્દ્રભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન નોંધાવ્યું છે. આ વર્ષે ધોરણ 10માં 2 વિદ્યાર્થીએ એ-વન ગ્રેડ અને 4 વિદ્યાર્થીઓએ એ-ટુ ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું નામ ઉજ્જવળ બનાવ્યું છે. શાળામાં પ્રથમ ક્રમે સિંગ શાલીની કુમારી રનજીતે 97.23 પર્સન્ટાઈલ અને 92.16 ટકા સાથે એ-વન ગ્રેડ મેળવી શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે સાયન્સમાં 99, એસ.એસ.માં 97 અને ગણિતમાં 94 ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું છે. બીજા ક્રમે યાદવ અનિરુદ્ધ વિજયકુમારે 96.51 પર્સન્ટાઈલ અને 91.33 ટકા સાથે એ-વન ગ્રેડ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે.

તેમણે સાયન્સમાં 100 ગુણ, ગણિતમાં 95, એસ.એસ.માં 94 અને ગુજરાતી વિષયમાં 93 ગુણ મેળવી વિશેષ પ્રતિભા દર્શાવી છે. એ-ટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓમાં પાટીલ શુભમ દેવીદાસ, યાદવ અનિલ બાબા દિન, શાહ અનિલ લાલુ અને પ્રજાપતિ જય કનુભાઈનો સમાવેશ થાય છે.

### અધ્યાપોર ગામે લગ્નમાં નાચતી વેળા ધક્કો વાગતાં બે જૂથો વચ્ચે ધિંગાણું

વાલોડ: વાલોડના અધ્યાપોર ગામે ગત તા.3 મેના રોજ લગ્નપ્રસંગમાં નાચી રહ્યા હતા. એ સમયે અધ્યાપોરનો યુવાન સ્મિત અશ્વિનભાઈ રાઠોડ પણ ત્યાં નાચી રહ્યો હતો. ત્યારે વાલોડના શિકેર ગામના ચિરાગ જીતુભાઈ રાઠોડ તેમજ રાહુલ રાઠોડે સ્મિતને ધક્કો માર્યો હોય, જે બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ચિરાગ અને રાહુલ બંને સ્મિતને અંધારામાં ખેંચી જઈ ગાલમાં તેમજ પીઠના ભાગે ઢીકમુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ સ્મિતે વાલોડ પોલીસ મથકે નોંધાવી છે. જ્યારે સામે પક્ષે ચિરાગ જીતુભાઈ રાઠોડ (રહે., શિકેર ગામ, ડેરી ફળિયું)એ પણ ફરિયાદ નોંધાવતાં વાલોડ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બાજીપુરામાં ડમ્પર ચાલકે 6 કારને અડફેટે લેતાં અફરાતફડી

**બે** વ્યક્તિને ઇજા પહોંચી, ડમ્પર ચાલક ભાગી છૂટ્યો



વાલોડ: બાજીપુરામાં ડમ્પર ચાલકે 6 જેટલી કારોને અડફેટે લેતાં ચકચાર મચી ગઈ છે.

વ્યારાથી બારડોલી તરફના માર્ગની કામગીરી ચાલી રહી છે. ત્યારે બુધવારે બપોરે 12 વાગ્યાના સમયે બાજીપુરામાં નેશનલ હાઈવે નં.53 પર મહાદેવ હોટલ નજીક અકસ્માતની ઘટના બની હતી. હાઈવે ઓથોરિટીના કર્મચારીઓ રોડ મેઈન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. જેથી રોડ ઉપર અનેક વાહન ચાલકો પોતાનાં વાહનો લઈ ધીમે ધીમે પસાર થતાં લાંબી કતાર લાગી હતી. તે સમયે પૂરઝડપે અને ગફલતભરી રીતે બેફામ હંકારી આવેલા એક ડમ્પર ટ્રક નં. (GJ-07-YZ-6744)ના ચાલકે રોડ ઉપર લાઇનમાં ઊભેલી 6 જેટલી કારને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જી ડમ્પર ચાલક ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ અકસ્માતમાં ડમ્પર ચાલકે ટાટા ટીયાગો EV કાર નંબર GJ-26-AB-9410, ટાટા હેરિયર કાર નંબર GJ-05-RN-6416, મારુતિ સુઝુકી XL6 કાર નંબર-GJ-26-AB-7027, મારુતિ સુઝુકી બ્રેઝા GJ-26-AB-5761, મારુતિ સુઝુકી ઈકો GJ-26-AE-3195 તથા હોન્ડા અમેઝ કાર નંબર GJ-26-AK-7870ને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં ટાટા હેરિયરમાં બેઠેલા ભરતભાઈ ધીરૂભાઈ ઠુમ્મરને માથાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી. જ્યારે તેમની સાથે બેઠેલા જગદીશભાઈ ખુંટને પણ શરીરે અનેક ઈજા પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. એકસાથે 6 કાર સાથે અકસ્માત સર્જાયો હોવાનીની જાણ થતાં જ લોકટોળું એકત્ર થઈ ગયું હતું. આ ઘટના અંગે કાર ચાલક ધીરજ દિનેશભાઈ પાટીલ (ઉં.વ.21) (રહે.,અવતાર રેસિડેન્સી, સોનગઢ, જિ.તાપી)એ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## વ્યારામાં ટેમ્પો-બાઈક અથડાતાં યુવકનું મોત

વ્યારા: વ્યારાના ખુશાલપુરા ગામે બે ટાટા મેક્સ ગાડી અને મોટરસાઈકલ સામસામે અથડાતાં કોહલી ગામના 26 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. ગત રોજ નિતેશકુમાર ફકીરભાઈ ચૌધરી (ઉં.વ.26) (રહે.,કોહલી, જૂનું દાદરી ફળિયું, તા.વ્યારા) બાઈક નં.(GJ 26 P 7350) લઈ વ્યારા જવા નીકળ્યા હતા. દરમિયાન સવારે ખુશાલપુરા ગામે ભરવાડી ફળિયામાં ટાટા મેક્સ ગાડી નં.(GJ 19 T 2468)ના ચાલક મિતેશ લાલજી ચૌધરી (રહે.,કોહલી ગામ, નવું દાદરી ફળિયું, તા.વ્યારા)એ નિતેશકુમારની મોટરસાઈકલને ટક્કર મારી દીધી હતી. આ બનાવમાં બાઈક ચાલક નિતેશકુમારને ગંભીર ઈજા થતાં સારવાર માટે વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે નિતેશકુમારને મૃત જાહેર કર્યો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસે ટાટા મેક્સ ગાડીના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ધનગૌરી સાર્વજનિક હાઇસ્કૂલનું ગૌરવ



ભોરિયા: ગુજરાત માધ્યમિક અને ધનગૌરી સાર્વજનિક હાઇસ્કૂલ-વલવાડાનું ધો.10નું રીઝલ્ટ 96.27 ટકા આવ્યું હતું, જેમાં શાળામાં પ્રથમ નિર્જરા ગામીત 90.66 ટકા સાથે A-1 ગ્રેડ, બીજા ક્રમે તૃપલ પટેલે 87.50 ટકા A-2 ગ્રેડ, તૃતીય ક્રમે શહેરીન ખાન 85.83% A-2 ગ્રેડ મેળવ્યો હતો. આ શાળામાં 183માંથી 175 વિદ્યાર્થી પાસ થયા હતા, જેમાં એક વિદ્યાર્થી A-1 ગ્રેડ, 11 વિદ્યાર્થી A-2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ સતીષભાઈ પટેલ, ઉપપ્રમુખ, ખજાનચી, ટ્રસ્ટ પરિવાર, કારોબારી સભ્યો અને શાળાના આચાર્ય નિલેશકુમાર પ્રજાપતિ અને શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ અભિનંદન પાઠવ્યાં છે.

### શ્રી કે.એલ.પટેલ હાઇસ્કૂલનું ગૌરવ



ભોરિયા: શ્રી કે.એલ. પટેલ એન્ડ વી.એમ.એમ. સાર્વજનિક હાઇસ્કૂલ-અનાવલનું ધો.10નું એસએસસીનું પરિણામ 93.45 ટકા આવ્યું છે, જેમાં અલફિશા અંસારી 94.50 ટકા સાથે પ્રથમ, બીજા ક્રમે તસ્વી કુમારી પટેલે 93.33 ટકા, ત્રીજા ક્રમે અક્ષર પટેલે 92.66 ટકા મેળવ્યા હતા. શ્રી અનાવલ વિભાગ કેળવણી મંડળના પ્રમુખ વિપુલભાઈ એન.પટેલ, ઉપપ્રમુખ ઝવેરકાકા, મંત્રી રામભાઈ પટેલ, ટ્રસ્ટ પરિવાર, શાળાના આચાર્ય ભૂપેન્દ્રભાઈ ચૌધરી તથા શિક્ષકો ભાઈ-બહેનોએ પાસ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં છે.

### ખોલવડના ડાયમંડનગરમાં રહેતી યુવતીનો એસિડ પી આપઘાત

કામરેજ: મૂળ ઓરિસ્સા અને ખોલવડના ડાયમંડનગર વિભાગ-2 માં મકાન નં.82માં રહી લૂમ્સના કારખાનામાં બોબીન ભરવાની મજૂરી કરતી બર્ષા સુબાસ પરીડા (ઉં.વ.18) ગત તા.27 એપ્રિલે અગમ્ય કારણોસર એસીડ પી જતાં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે રાત્રે મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોસંબાની પ્રગતિ ગ્લાસ કંપનીનો ડેટા અને પેન ડ્રાઈવ ચોરી કરનાર બે સામે ફરિયાદ

હથોડા: કોસંબા નજીક આવેલી પ્રગતિ ગ્લાસ કંપનીમાં છેલ્લાં ત્રણેક વર્ષથી નોકરી કરતા બે કર્મચારીઓ કંપનીનો મહત્ત્વનો ડેટા અને પેન ડ્રાઈવ ચોરી કરી ગયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. કંપનીના પ્રતિનિધિ ભાવેશ ગંગાપ્રસાદ કટારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તરસાડીની જલારામ ચોકડી પાસે રહેતા અભિનવ કુમાર જીતેન્દ્ર પ્રસાદ નાયક અને પ્રગતિ ચેમ્બર્સ નજીક રહેતા સંદીપકુમાર હરી કેસિંગે અપ્રમાણિકપણે એકબીજાની મદદગારીથી કંપનીની 32 GBની પેન ડ્રાઈવ અને તેમાં રહેલો ડેટા ચોરી લીધો હતો. આ ઘટના બાદ બંનેએ કામ પર આવવાનું બંધ કરી દીધું હતું. કંપની દ્વારા ફોન કરીને પેન ડ્રાઈવ પરત કરવા જણાવવા છતાં તેમણે તે પરત કરી ન હતી. આ મામલે કોસંબા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### નવી પારડી પાસે પિકઅપમાં આગ લાગી

કામરેજ: કામરેજના નવી પારડી ગામની હદમાં એક બોલેરો પિકઅપ વાનમાં અચાનક આગ લાગી હતી. મૂળ મહારાષ્ટ્રના અને હાલ અબ્રામા (કઠોર) ખાતે રહેતા ડ્રાઈવર માનસીંગ પવાર રાત્રે પિકઅપ નં.(GJ-16-CN-6220) લઈ કોસંબા જવા નીકળ્યા હતા. નવી પારડી પાસે ડીઝલ ભરાવવા માટે તેઓ નીચે ઊતર્યા ત્યારે બોનેટમાંથી ધુમાડો નીકળતો દેખાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં ગાડીનો આગળનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. આ અકસ્માતમાં અંદાજે 2 લાખનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

### દસ્તાનમાં માલગાડીની અડફેટે આધેડનું મોત

પલસાણા: દસ્તાનમાં રેલવે અંડરબ્રિજ પાસે ટ્રેક ઓળંગતી વખતે એક ૫૦થી ૫૫ વર્ષના અજાણ્યા આધેડ માલગાડીની અડફેટે આવી ગયા હતા. આ ભયાનક અકસ્માતમાં તેમનું ગળું કપાઈ જતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ગંગાધરાના સ્ટેશન માસ્તરે જાણ કરતાં પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, મૃતકની ઓળખ મેળવવા આગળની તપાસ હાથ ધરી છે.

### ગામતળાવ બુજરંગમાં 5 જુગારી ઝડપાયા


હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગામતળાવ બુજરંગ ગામે એલ.સી.બી. પોલીસે જુગારધામ પર દરોડો પાડી પાંચ શખ્સ તુષાર રાઠોડ, અશ્વિન રાઠોડ, મહેશ પટેલ, બાબુ રાઠોડ અને કીર્તિ ચૌધરીને ઝડપી પાડ્યા છે, જ્યારે એક શખ્સ અમુલ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ઘટના સ્થળેથી પોલીસે રોકડ રકમ, ત્રણ મોબાઈલ અને એક મોટરસાઇકલ મળી કુલ રૂ.67,460નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### બારડોલીમાં યુવાનનું હાર્ટ એટેકથી મોત

બારડોલી: બારડોલીની જનતાનગર સોસાયટીના ઘર નં.૧૩માં રહેતા ચિરાગ ચંદુલાલ સુરતી (ઉં.વ.૩૩)ને ગતરોજ સવારે અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચે એ પહેલાં રસ્તામાં જ તેમની તબિયત વધુ લથડી હતી. હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

### કડોદરામાં જુગાર રમતા ચાર ઝડપાયા

પલસાણા: કડોદરા જીઆઇડીસી પોલીસે કડોદરા ચાર રસ્તા ઓવરબ્રિજ નીચે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા ચાર ઇસમ અસ્લમભાઇ નિશાર બાગબાન, સાદીક અરુન શેખ, અકીલ દીલાવર શેખ અને વિશાલ ભગવાન દેવરેની અટકાયત કરી છે. પોલીસે ઘટના સ્થળેથી દાવ પરના ૩,૫૪૦, અંગજડતીના ૧,૯૫૦ અને ગંજીપાનાં મળી કુલ ૫,૪૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Raja Shivaji 10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 10:00pm
Bhooth Bangla 11:00am, 06:00pm
Dhabkaaro-Gujarati 02:30pm, 07:00pm, 09:00pm
Krishnavataram Part 1 - The Heart 08:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333